સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના
૨૫ નવા ગ્રાન્ટ-ઈન-એઈડ છાત્રાલયો શરુ
કરવાની નવી બાબત. રૂ.૫૦.૭૫ લાખ

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:સશપ/૧૦૨૦૧૩/ન.બા-૨૩૯./અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- 1 AUG 2014

વંચાણે લીધાઃ-

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા. ૨૦/૧૧/૨૦૧૩ નો પત્ર ક્રમાંકઃ વિજાક/છતલ/ ન.બા./૨૦૧૩-૧૪/૯૯૦

ઠ રા વ:-

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે તેમનામાં શિક્ષણનો પ્રસાર થાય તે માટે તેમને પુરતી સુવિધાઓ સાથે શિક્ષણ સહેલાઈ થી મળી શકે તે માટે સ્વૈચ્છિક સંસ્થાઓ મારફત ચલાવવામાં આવતા ૨૫ નવો ગ્રાન્ટ ઈન એઈડ છાંત્રાલયો શરુ કરવા નિયામકશ્રી (વિજા) ના વંચાણે લીધા ક્રમાંક- ૧ ના તા: ૨૦/૧૧/૨૦૧૩ ના પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ હતી, જેના અનુસંધાને ૨૫ નવા ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો શરૂ કરવા રૂ.૫૦.૭૫ લાખની સને ૨૦૧૪-૧૫ના અંદાજપત્રમાં જોગવાઈ કરવામાં આવેલ છે, જેની વહીવટી મંજુરી આપવાની બાબત સરકારની સક્રિય વિચારણા હેઠળ હતી સદરહુ નવી બાબતને નીચેની શરતોને આધીન વહીવટી મંજુરી આપવામાં આવે છે.

(૧) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઈ અને નાંણા વિભાગ ધ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં રહીને કરવાનો રહેશે.

(૨) આ અંગે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા જરુરીયાત પ્રમાણે આગામી નાણાંકીય વર્ષમા પર્યાપ્ત બજેટ જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનુ ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો/ પરિપત્રો અને જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનુ પાલન કરવાનુ રહેશે.

27

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ, બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનુ ચૂસ્ત પણે પાલન કરવાનુ રહેશે.

(૭) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકાર ના આદેશો મેળવી લેવાના રહેશે.

(૮) નિયામકશ્રી(વિજા)એ છાત્રાલયોના સ્થળની પંસદગી અંગે પારદર્શી પ્રકીયા હાથ ધરવાની રહેશે.

(૯) નિયામકશ્રી(વિજા)એ છાત્રાલયોના સ્થળ/સંસ્થાની ની પંસદગી અંગે ચોક્કસ ધોરણો નિયત કરી તે ધોરણો મુજબ જ સ્થળની પસંદગી કરવાની રહેશે.

(૧૦) નિયામકશ્રી(વિજા)એ છાત્રાલયોના સ્થળની પંસદગી અંગે જે સ્થળો/ વિસ્તારમાં હાલ આ પ્રકારના છાત્રાલયો નથી તેવા સ્થળોને પ્રાયોરીટી આપવાની રહેશે.

(૧૧) ઉપર જણાવ્યા મુજબ સ્થળોની પસંદગી કર્યા બાદ નાણાં વિભાગને દરખાસ્ત રજુ કરી મંજુરી મેળવવાની રહેશે.

(૧૨) આ યોજનાની અન્ય શરતો યથાવત રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક:૯૨ મુખ્ય સદર ૨૨૨૫, અનુજાતિ/અનુ.આદિજાતિ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ મુખ્ય પેટા સદર-૦૩ પછાત વર્ગોનું કલ્યાણ, ગૌણ સદર-૨૭૭ શિક્ષણ, (૧૧) બીસીકે-૮૮ ગ્રાન્ટ ઈન એ ઈડ છાત્રાલયો, સદર હેઠળ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અધિક મુખ્ય સચિવશ્રી(નાણાં)ની તા.૨૭/૬/૨૦૧૪ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( પી.એમ ભાવસાર )
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
નિયામકશ્રી,
વિકસતી જાતિ કલ્યાણ ખાતું,
ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

<u>નકલ રવાના:-</u>

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, સા.ન્યા.અને અ.વ.ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- તમામ જિલ્લા નાયબ નિયામકશ્રી/ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિ.જા)
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, (સા.ન્યા.અને અધિ.વિ.) સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ/ગ/અ-શાખા, સા.ન્યા. અને અ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ.